પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૩૫, કુલ પાના:૪, તારીખ: ૦૧-૦૨-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 135 PRICE :-RS. 1.50 DATE : 01-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### કોરોનાની ફટકાર બાદ જનતાને બજેટમાંથી મોટી આશાઓ

# આત્મનિર્ભર ભારત માટે આજે રજૂ કરશે મોદી સરકાર બજેટ



ન્યુ દિલ્હી,

નાણાં મંત્રી નિર્મલા સીતારામન ૧ ફેબ્રુઆરીએ ૨૦૨૧-૨૨ માટે બજેટ રજૂ કરશે. આ વખતનું બજેટ ખાસ છે, કેમકે એવું પ્રથમવાર છે, જેમાં બજેટ દસ્તાવેજ પ્રિન્ટ થયા નથી. આ વખતનું બજેટ સંપૂર્ણપણે પેપરલેસ છે અને તેને ડિજિટલી જ રિલીઝ કરવામાં આવશે. સામાન્ય રીતે બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા ૫ મહિના અગાઉથી શરૂ થઈ જાય છે અને અનેક મહત્વની બેઠકો પછી તેને તૈયાર કરવામાં આવે છે. બજેટમાં સરકાર ત્રણ પ્રકારના આંકડા જણાવે છે. જે હોય છે- બજેટ એસ્ટિમેટ એટલે કે બજેટ અંદાજ, રિવાઈઝ્ડ એસ્ટિમેટ એટલે કે સંશોધિત અંદાજ અને એક્ચ્યુઅલ એટલે કે વાસ્તવિક. સંસદમાં બજેટ રજૂ કરતા પહેલા રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી હોય છે. રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા પછી તેને કેબિનેટની સામે રાખવામાં આવે છે અને તેના પછી સંસદના બંને ગૃહોમાં તેને રજૂ કરાય છે.

બજેટ રજૂ થયા પછી તેને સંસદનાં બંને ગૃહો એટલે કે લોકસભા અને રાજ્યસભામાં પસાર કરાવવાનું હોય છે. બંને ગૃહોમાંથી પસાર થયા પછી ૧ એપ્રિલથી તે લાગુ થઈ જાય છે. આપણા દેશમાં નાણાકીય વર્ષ ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધી હોય છે. કોરોના મહામારીના લીધે તે આ વખતે બજેટમાં હેલ્થ સેક્ટર પર વધુ ભાર રહેવાની આશા છે. લગભગ નક્કી માનવામાં આવે છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણના પટારામાંથી હેલ્થ સેક્ટર પર વધુ ધન વરસશે. હાલ જીડીપીનો ૧.૪ ટકા ભાગ હેલ્થ સેક્ટર પર ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ આશા છે કે સરકાર તેને વધારીને બમણો કરી શકે છે કારણ કે સરકારનો ટાર્ગેટ ૨૦૨૪ સુધી જીડીપીના ૪ ટકા ભાગ હેલ્થ સેક્ટર પર ખર્ચ કરવાનો છે.

નાણાં મંત્રી નિર્મલા સીતારામન આ વખતે બજેટમાં વૃદ્ધજનોને અનેક રાહતો આપી શકે છે. એક તો તેમના માટે ઈનકમ ટેક્સમાં છૂટની મર્યાદા વધારવામાં આવી શકે છે. બીજું, કોરોના મહામારીના કારણે ઈન્સ્યોરન્સની આવશ્યકતાને જોતા તેના પ્રિમિયમ પર મળનારી ટેક્સમાં રાહત પણ વધારવાની ચર્ચા છે. આ પરિવર્તન જૂની ટેક્સ વ્યવસ્થામાં થશે.

આ બજેટથી લોકોને ઘણી આશા છે બજેટમાં ડિફેન્સ સેક્ટર માટે મોટી જાહેરાતની આશા છે. ચીન સાથે ટકરાવને કારણે એવુ માનવામાં આવી રહ્યુ છે કે નાણા મંત્રી નિર્મલા સીતારમણ ડિફેન્સ સેક્ટર માટે ભારે બજેટની જાહેરાત કરી શકે છે. માનવામાં આવી રહ્યુ છે કે ડિફેન્સ બજેટમાં આત્મનિર્ભર અભિયાનની ઝલક હોઈ શકે છે. કહેવાનો અર્થ એ છે કે સ્વદેશી હથિયારો પર ભાર આપવામાં આવી શકે છે

મહત્વપૂર્ણ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે મોદી સરકારે સંરક્ષણ બજેટમાં ૬ ટકાનો વધારો કર્યો હતો. આ સાથે જ ડિફેન્સ સેક્ટરનું બજેટ વધીને ૩.૩૭ લાખ કરોડ રૂપિયા થઈ ગયુ હતું. એક વર્ષ પહેલા સંરક્ષણ બજેટ ૩.૧૮ લાખ કરોડ હતું. કેન્દ્ર સરકારે નવા હથિયારોને ખરીદવા માટે આધુનિકીકરણ માટે ૧ લાખ ૧૦ હજાર ૭૩૪ કરોડ રૂપિયા જાહેર કર્યા હતા બજેટ બાદ કોરોના કાળમાં અર્થવ્યવસ્થાને બૂસ્ટ આપવા માટે સરકારે ડિફેન્સ સેક્ટરમાં પણ કેટલીક મોટી જાહેરાત કરી હતી, ત્યારે નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યુ હતું કે આવા હથિયાર, વસ્તુઓ, સ્પેયર્સને નોટિફાઈ કરશે જેમાં આયાતને બેન કરવામાં આવે અને સ્વદેશી વસ્તુ પુરી પાડવામાં આવશે આ સિવાય ઓર્ડિનન્સ ફેકટરીનું કોર્પોરેટાઈજેશન થશે, પ્રાઈવેટાઈજેશન નહી રહે, તેમણે જણાવ્યુ કે ડિફેન્સ સેકટરમાં સ્વદેશી હથિયારો માટે અલગથી બજેટ બનશે, જેનાથી ઘરેલુ કંપનીઓને ફાયદો થશે. નોકરિયાત લોકોને પૂરી ઉમ્મીદ છે કે આ વખતે સરકાર ટેક્સ છૂટની સીમા વધારી શકે છે. હાલ ટેક્સ છૂટની સીમા ૨.૫ લાખ રૂપિયા છે, જેને વધારીને ૩ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. આવી ઉમ્મીદ એટલા માટે કરાઈ રહી છે કેમ કે પાછલા ૭ વર્ષથી ટેક્સ સ્લેબમાં કોઈ બદલાવ નથી થયો. અગાઉ જુલાઈ ૨૦૧૪માં આવેલ બજેટમાં તાત્કાલીન નાણામંત્રી અરુણ જેટલીએ આ સીમા ૨ લાખ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ રૂપિયા કરી હતી.

હાલના સમયમાં આવકવેરા અધિનિયમની કલમ ૮૦C અંતર્ગત રોકાણકારોને આવકવેરામાં ૧.૫ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મળી શકે છે. હવે તેને વધારીને ૨ લાખ રૂપિયા સુધી કરવામાં આવે તેવી ઉમ્મીદ છે. હવે આ છૂટ વધારીને ૩ લાખ રૂપિયા સુધી કરવામાં આવે તેવી ભલામણો પણ કરવામાં આવી છે. આમાં પણ પાછલા ૭ વર્ષથી કોઈ બદલાવ નથી થયો. જુલાઈ ૨૦૧૪માં જ તાત્કાલીન નાણામંત્રી અરુણ જેટલીએ તેને ૧ લાખ રૂપિયાથી વધારીને ૧.૫ લાખ રૂપિયા કરી હતી.

## આજથી રાજ્યની ૬ મહાનગરપાલિકાની ચૂંટણીના ફોર્મ ભરવાની શરૂઆત થશે

ગાંધીનગર,

ગુજરાતની છ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થયા બાદ ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ સોમવારથી શરૂ થશે. જયારે આગામી તારીખ ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાનાર છે. આ અંગે જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની સાથે જ સોમવારથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થશે. મુખ્ય રાજકીય પક્ષો દ્વારા આ અંગેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પંચ દ્વારા પણ નિરીક્ષકોની નિમણૂક કરી દેવામાં આવી છે. ત્યારે મુખ્ય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારો પસંદગી પ્રક્રિયાને લઈને મેરેથોન બેઠકોનું આયોજન થઈ ચૂક્યા છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી નિયમ મુજબ, ગુજરાત રાજ્ય મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વિધિવત ચૂંટણી કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે, ત્યારે તા.૧લી ફેબ્રુઆરીએ ૬મહાનગર પાલિકા વિસ્તારના કલેકટરો દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. રાજયના છ મહાનગર વિસ્તારમાં ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત સોમવારથી થશે અને ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી નિર્ધિરિત કરી હોવાથી રાજ્યના મહાનગરોમાં ચૂંટણીનું વાતાવરણ જામશે.

આદર્શ આચારસંહિતાના અમલ વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા માટે થઈને ચૂંટણી આયોગ પણ સજ્જ થઈ ગયું છે. છ મહાનગર પાલિકા વિસ્તારમાં ૧૪૪ વોર્ડ ની ચૂંટણી યોજાનારી છે. આ માટે ૫૧ જેટલા ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, મહાનગર વિસ્તારમાં ૧૧૪૭૭ જેટલા મતદાન મથકો નક્કી કરી દેવામાં આવ્યા છે. આ પૈકીના ૩૮૫૧ સંવેદનશીલ મતદાન મથકો છે અને ૧૬૫૬ અતિ સંવેદનશીલ મતદાન મથકો ઓળખી કાઢવામાં આવ્યા છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ ચૂંટણી કરવા માટેની તમામ તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી છે.

## ગાંધીનગરમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ૪૧ અરજીની તપાસ શરૂ

ગાંધીનગર,

ગુજરાતમાં ધાક-ધમકી આપીને અથવા તો ખોટી રીતે જમીનો પચાવી પાડીને એ જમીનો પર ગેરકાયદેસર કબ્જો જમાવતા લોકો માટે રાજ્ય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટનો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદા અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કુલ ૬૦ અરજીઓ આવી ચૂકી છે. આ અંગે વધુ વિગતો આપતા ગાંધીનગર કલેક્ટર કુલદીપ આર્યાએ જણાવ્યું કે, રાજ્યમાં જે લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કરવામાં આવ્યો છે, તે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૬૦ અરજીઓ કલેક્ટર ઓફિસને મળી ચૂકી છે.

જેમાંથી ૪૧ અરજીઓની તપાસ શરૂ કરવામાં આવી હતી. હાલ ૧૬ અરજીની તપાસ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ૫ અરજીઓની તપાસ કરીને પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગાંધીનગર જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંતર્ગત ફરિયાદો મળ્યા બાદ તેના પર સમિતિ દ્વારા તપાસ અને ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. પોલીસ ફરિયાદનો નિર્ણય પણ સમિતિની બેઠકમાં જ લેવામાં આવે છે. આમ સમિતિની પ્રથમ બેઠકમાં જ ૪ જ્યારે બીજી બેઠકમાં ૧ અરજી પર પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ ગાંધીનગર જિલ્લામાં ૬૦ અરજીઓ પૈકી હાલ ૫ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જ્યારે આગામી સમયમાં પણ વધુ તપાસ કર્યા બાદ અન્ય પોલીસ ફરિયાદનો નિર્ણય લેવામાં આવશે.

## ભારતમાં જાન્યુઆરીમાં અત્યાર સુધીમાં ધરતીકંપના ૨૦-આંચકા આવ્યા

ન્યુ દિલ્હી,

મહારાષ્ટ્રમાં વીતી ગયેલી રાતે ભૂકંપનો આંચકો લાગ્યો હતો. આ આંચકો રાજ્યના મધ્ય-પૂર્વ ભાગના હિંગોલી જિલ્લા-શહેરમાં લાગ્યો હતો. પડોશમાં અકોલા જિલ્લો આવેલો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા જણાવ્યા મુજબ, ગઈ મધરાત બાદ ૧૨.૪૧ વાગ્યે ભૂકંપનો આંચકો લાગ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૨ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ ધરતીની સપાટીથી પાંચ કિલોમીટર નીચે હોવાનું માલૂમ પડ્યું હતું. આ આંચકાથી ક્યાંય કોઈ પ્રકારનું નુકસાન થયું નથી. ગઈ ૧૭ જાન્યુઆરીએ મહારાષ્ટ્રના ઉત્તર ભાગમાં આવેલા પાલઘર જિલ્લામાં પણ ભૂકંપના આંચકા આવ્યા હતા. રિક્ટર સ્કેલ પર એની તીવ્રતા ૩.૫ હતી. એનું કેન્દ્રબિંદુ પણ ધરતીથી પાંચ કિ.મી. નીચે હતું.

ભારતમાં જાન્યુઆરી મહિનામાં અત્યાર સુધીમાં ભૂકંપના ૨૦ આંચકા લાગી ચૂક્યા છે. આ આંચકા મહારાષ્ટ્ર, દિલ્હી, મણિપુર, અરૂણાચલ પ્રદેશ, જમ્મુ અને કશ્મીર, આંદામાન અને નિકોબાર, મિઝોરમ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશમાં લાગ્યા હતા.

## FRC કમિટીએ વડોદરાની ખાનગી શાળાઓ દ્વારા ઉઘરાવેલી વધારાની ફી પરત કરવા હુકમ કર્યો




વડોદરા,

મહાનગરપાલિકામાં ફી વધારા અંગે વ્યાપક ફરિયાદો ઉઠતા રાજ્ય સરકાર દ્વારા ફી રેગ્યુલેશન કમિટીની રચના કરવામાં આવી હતી. ખાનગી શાળાઓ દ્વારા વસૂલવામાં આવતી મનમાની સામે લગામ લગાવવા માટે રેગ્યુલેશન કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટી દ્વારા તાજેતરમાં જ ગ્લોબલ ડીસ્કવરી સ્કુલ અને સંત કબીર સ્કૂલ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બંને શાળાના વિદ્યાર્થીઓને ૧૫ લાખ રુપિયા પરત કરવાનો હુકમ કર્યો છે. એફઆરસી કમિટી દ્વારા તાજેતરમાં જ ગ્લોબલ ડીસ્કવરી સ્કુલ અને સંત કબીર સ્કૂલ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણીમાં શાળામાં વિદ્યાર્થીઓને પદવી પ્રાપ્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

કમિટિના હુકમને પગલે બંને શાળાઓમાં ૨૦૭૯ વિદ્યાર્થીઓને ફી પેટે વધુ ભરેલા પૈસા પરત આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. રાજ્ય અને શહેરમાં ખાનગી શાળા દ્વારા દર વર્ષે બજારમાં આવતી હોય જે અંગે વ્યાપક ફરિયાદો ઉઠતા આ રાજ્ય સરકાર દ્વારા ફી રેગ્યુલેશન કમિટીની રચના કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા એફઆરસી દ્વારા વાલીઓ તરફેણમાં નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. વડોદરા ઝોનની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા બે ત્રણ શાળા દ્વારા વસૂલવામાં આવતી ફી પરત આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. તે જાણકારી આપતાં કમિટીના મેમ્બર કેવડીયાએ કહ્યું હતું કે, એક મહિના પહેલા ગ્લોબલ ડીસ્કવરી સ્કુલ અને સંત કબીર સ્કૂલ દ્વારા નિયત કરવામાં આવેલી ઉપરાંત વધારે પૈસા વસુલ કરવામાં આવ્યા હોવાનો કેસ સામે આવ્યો હતો.

## ઈઝરાયેલ દૂતાવાસ બ્લાસ્ટ: તપાસ NIAને સોંપવામાં આવે તેવી શક્યતા



ન્યુ દિલ્હી,

છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીમાં ઈઝરાયલ દૂતાવાસ પાસે થયેલા બ્લાસ્ટને લઈ ચર્ચા કરવામા આવી રહી છે અને દેશભરમાં સુરક્ષામાં વધારો કરવામાં આવી રહ્યો છે. તે જ સમયે આ વિસ્ફોટની તપાસ કરી રહેલી નેશનલ સિક્યુરિટી ગાર્ડના નેશનલ બોમ્બ ડેટા સેન્ટરની ટીમે આશંકા વ્યક્ત કરી છે કે, આ બ્લાસ્ટમાં એનર્જી ડ્રિંકનો ઉપયોગ થઈ શક્યો હોઈ શકે છે. એટલા માટે આવું કહેવામાં આવી રહ્યું છે કારણ કે વિસ્ફોટના સ્થળની નજીક જર્જરિત હાલતમાં એક ડ્રિંકનો ડબ્બો મળી આવ્યો છે.

સુત્રોના હવાલેથી જાણવા મળી રહ્યું છે સર્કિટ બોર્ડ ડિવાઈસને છુપાવવા માટે એનર્જી ડ્રિંકના કેનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શક્યતા છે કે તે ટાઈમરથી કનેક્ટેડ હોઈ શકે છે. વિસ્ફોટના સ્થળે એક સર્કિટ બોર્ડ પણ મળી આવ્યું છે. એવી પણ માહિતી આપી છે કે બોમ્બ ડિવાઈસમાં એલ્યુમિનિયમ તેમજ પેંટએરીથ્રાઈટોલ ટેટ્રાનાઈટ્રેટ મળી આવ્યા છે. લેબમાં આની પુષ્ટિ પણ કરી છે. એક સુત્રનું એવું પણ કહેવું છે કે આ વિરોધાભાસી છે કારણ કે એક તીવ્ર વિસ્ફોટક છે અને બીજો ઓછો વિસ્ફોટક છે. જો કે ફાઈનલ અહેવાલ રવિવારે આવશે.

એનએસજી ટીમે બ્લાસ્ટ થયો એ સ્થળની મુલાકાત લીધી છે. તેનો અહેવાલ પણ બ્લાસ્ટની તપાસ કરનારી દિલ્હી પોલીસની ટીમ સાથે શેર કરવામાં આવશે. સૂત્રએ જણાવ્યું હતું કે ટીમને ઘણા સીસીટીવી ફૂટેજ મેળવવામાં સફળતા મેળવી છે. પરંતુ હજી સુધી અમે કોઈ નક્કર પરિણામ પર પહોંચ્યા નથી. કારણ કે દૂતાલાસના આસપાસના મોટાભાગના સીસીટીવી ખરાબ હતા.

તો વળી સાથે જ સૂત્રોનું એમ પણ કહેવું છે કે બ્લાસ્ટના કેટલાક કલાકો પહેલા અને તેના પછી, દૂતાવાસમાં અને તેની આસપાસના મોબાઈલ નંબર અને તેમના કોલ્સનો ડેટા પણ એકત્રિત કરવામાં આવી રહ્યો છે. આ સાથે તે દિવસે દૂતાવાસની આસપાસ આવેલા લોકો વિશેની માહિતી અને કેબ કંપનીઓ પાસેથી પણ લેવામાં આવી રહી છે. તપાસ એજન્સીઓ દૂતાવાસની આજુબાજુના વિસ્તાર માટે આઈપીડીઆર ડેટા પણ સ્કેન કરી રહી છે.

## સરકાર-ખેડૂતો વચ્ચે ૧ ૩મા રાઉન્ડની બેઠક ૨ ફેબ્રુઆરીએ યોજાશે

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તક્ષેપ પછી ખેડૂત નેતાઓ અને સરકાર વચ્ચે ફરી એકવાર વાતચીત શરૂ થવા જઈ રહી છે. સરકારે ૧ ૩મા રાઉન્ડની બેઠક માટે ૨ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે. વડાપ્રધાને શનિવારે થયેલી સર્વપક્ષીય મીટિંગમાં કહ્યું હતું કે સરકાર ખેડૂતોની સાથે વાત કરવા માટે હંમેશા તૈયાર છે. ખેડૂતોને ૨૨ જાન્યુઆરીએ જે પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો, તે હજુ પણ યથાવત્ છે. કોઈપણ ઉકેલ વાતચીતથી જ આવવો જોઈએ. આ દરમિયાન, ગાઝીપુર અને સિંઘુ બોર્ડર પર ખેડૂતોની સંખ્યા સતત વધી રહી છે. તકેદારીના ભાગરૂપે પોલીસે બંને સ્થળે સુરક્ષા વધારી દીધી છે. આજે ખેડૂતોના આંદોલનનો ૬૭મો દિવસ છે.

ગાઝીપુર બોર્ડર પર ખેડૂતોની વધતી સંખ્યા અને ખેડૂતો દિલ્હી તરફ કૂચ ન કરે એ માટે ગાઝીપુર બોર્ડર પર ૧૨ લેયરનું બેરિકેડિંગ કરી દેવાયું છે. પોલીસને આશંકા છે કે ૧ ફેબ્રુઆરીએ સંસદમાં બજેટ રજૂ થવાનું છે ત્યારે ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરી શકે છે. જેને ધ્યાનમાં રાખીને આ બેરિકેડિંગ કરાયું છે. ગાઝીપુર બોર્ડર પર બેરિકેડિંગથી એનએચ-૨૪ બંધ છે. નોઈડાથી અક્ષરધામ જતા રસ્તા ઉપરાંત, દિલ્હીથી ઈન્દિરાપુરમ અને નોઈડા જતા રસ્તા પણ બંધ કરી દેવાયા છે. ૨૬ જાન્યુઆરી પછી ગાઝીપુરમાં સતત ઉત્તર પ્રદેશ અને હરિયાણાથી ખેડૂતો પહોંચી રહ્યા છે. મુઝફ્ફરનગરમાં શુક્રવારે થયેલી મહાપંચાયતમાં ખેડૂતોને આ જ અપીલ કરાઈ હતી.

## સરકાર વાતચીત માટે મંચ તૈયાર કરે, વચ્ચેનો રસ્તો કાઢીશું: નરેશ ટિકૈત



ન્યુ દિલ્હી,

ગણતંત્ર દિવસે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેકટર રેલી દરમિયાન થયેલી હિંસા બાદ પણ ખેડૂત આંદોલન ચાલુ છે. ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે ગાઝીપુર બોર્ડર પરથી હટવાની ના પાડી દીધા બાદ ખેડૂતો હજારોની સંખ્યામાં અહીંયા એકઠા થયા છે.બીજી તરફ પીએમ મોદીએ ફરી એક વખત ખેડૂતોને વાટાઘાટો કરવાની અપીલ કરી છે ત્યારે ખેડૂત નેતા નરેશ ટિકૈતે કહ્યુ છે કે, પીએમ મોદીએ જે વાત કરી છે તેનુ અમે સન્માન કરીએ છે.અમે ઈચ્છતા નથી કે સંસદ કે સરકાર અમારી આગળ ઝુકે પણ સાથે સાથે ખેડૂતોના આત્મ સન્માનની પણ રક્ષા કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે, અમે કોઈને પણ તિરંગાનુ અપમાન નહીં કરવા દઈએ અને તિરંગાને હંમેશા ઉંચો જ રાખીશ. ૨૬ જાન્યુઆરીએ થયેલી હિંસા એક ષડયંત્રનુ પરિણામ હતી.તેની તપાસ થવી જોઈએ.સરકારે જેમને પણ હિંસા બદલ પકડયા છે તેમાં અમારા લોકોને છોડવા જોઈએ અને વાટાઘાટો માટે મંચ તૈયાર કરવો જોઈએ.અમને આશા છે કે, વચ્ચેનો કોઈ રસ્તો નીકળશે.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ આજે મન કી બાતમાં પણ કહ્યુ હતુ કે ખેતીને આધુનિક બનાવવા માટે સરકાર પ્રતિબધ્ધ છે અને પગલા ભરી રહી છે.

## ચૂંટણી વચ્ચે કોંગ્રેસ સામે ફરિયાદોનો થયો ઢગલો

અમદાવાદ,

અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી સમયે કોગ્રેસની હાલત કફોડી બની ગઈ છે. દર ચૂંટણીની જેમ આ વખતે પણ પાર્ટીના કાર્યકરોના ટોળેટોળા અનેક ફરિયાદો લઈને કોગ્રેસ કાર્યાલય પર પહોચી રહ્યાં છે. કોઈ તેમના નેતાને ટિકિટ આપવા કહી રહ્યું છે. તો કોઈ પોતાના જ વોર્ડમાં કોગ્રેસના બેનર પર ચૂંટાઈને રફુચક્કર થઈ ગયેલા કૉર્પોરેટરની ફરિયાદ કરી રહ્યું છે. એનએસયુઆઈના કાર્યકરો પણ પોતાના પ્રમુખને ટિકિટ આપવા સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તો બીજો મોરચો બહેરામપુરા વોર્ડના કોગ્રેસના કોર્પોરેટર કમળાબહેન ચાવડા સામે ખુલ્યો છે.

કોગ્રેસના કાર્યકરો જ કહી રહ્યાં છે કે કમળા બહેનને ફરી રીપીટ ના કરતાં, કેમ કે વોટ લઈને પછી વિસ્તારમાં કોઈ કામ જ નથી કર્યા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં બીજા તબકકામાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને વેકિસન આપવાનો પ્રારંભ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોના વાયરસના સંક્રમણનો અંત લાવવા દેશ અને ગુજરાતમાં કોરોના રસીકરણનું મહાઅભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં હેલ્થક કેર પ્રોવાઈડર્સને રસીકરણ બાદ કોરોના પ્રતિરોધક વેકિસનેશનના બીજા તબકકાનો પ્રારંભ થઈ ચૂકયો છે. આ અભિયાન અંતર્ગત સરકારી સેવાના ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ અને જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓને કોરોના વેકિસન આપવાનો આજથી જિલ્લાભરમાં પ્રારંભ થતાં જિલ્લા કલેકટર આર. બી. બારડે લુણાવાડા ખાતે વેકિસન સેન્ટેર ઉપર જઈને રસી મૂકાવીને જિલ્લારના નાગરિકોને પ્રેરક સંદેશો આપ્યોર હતો.

કલેકટર બારડે વેકિસનેશનનું કવચ ગ્રહણ કર્યા બાદ જિલ્લા ના નાગરિકોને આ કોરોના વેકસીન સંપૂર્ણ સલામત છે, કોઈ આડઅસર નથી અને કોઈ ચિંતાનું કારણ પણ નથી અને કોરોના સામે રક્ષણ મેળવવા વેકસીન લેવી જરૂરી હોઈ જયારે આપણો વેકિસનેશન માટેનો વારો આવે ત્યારિ વેકિસનેશન કરાવી લેવાની અપીલ કરી હતી.

કલેકટરએ જિલ્લીમાં પ્રથમ તબકકામાં આરોગ્યવના ૫૫૦૦થી વધુ ફ્રન્ટેલાઈન કોરોના વોરિયર્સ રસીનું કવચ ગ્રહણ કરી ચૂકયા છે. જેઓને કોઈ આડઅસર થયેલ નથી. અને આજે બીજા તબકકામાં મહેસુલી, પોલીસ, નગરપાલિકા, ડીઝાસ્ટોર મેનેજમેન્ટક જેવા વિભાગના અધિકારીઓ–કર્મચારીઓને રસી મૂકવામાં આવી રહી હોવાનું જણાવી જિલ્લા –તાલુકાના તમામ ઉચ્ચર અધિકારીઓ–કર્મચારીઓ આ અભિયાનમાં સહભાગી બની રસી મૂકાવી રહ્યા હોવાનું કહ્યું હતું.

આજના આ બીજા તબક્કાના અભિયાન અંતર્ગત જિલ્લા પોલિસ વડા બારોટ, નિવાસી અધિક કલેકટર આર. આર. ઠકકર, લુણાવાડાના પ્રાંત અધિકારી મોડિયા સહિત જિલ્લાની વિવિધ નગરપાલિકાના પ્રમુખઓ, ચીફ ઓફિસરઓ, પોલીસ અધિકારીઓ–કર્મચારીઓ સહિત ૨૧૭૦ કોરોના વોરિયર્સે કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકાવી હતી.

# સંતરામપુર નગરમાં બીજા તબક્કાની સંતરામપુરના અધિકારી અને કર્મચારીઓની વેક્સિન આપવામાં આવી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં નર્સિંગ સ્કૂલ માં બીજા તબક્કામાં વેક્સિન આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ રસીનો ડોઝ સંતરામપુર પ્રાંત અધિકારી યાદવ લીધી હતી અને મામલતદાર કેજે વાઘેલા નગરપાલિકાના ચીફ ઓફિસર દિલીપ હઠીલા સંતરામપુર પી.આઈ ભોઈ અને કર્મચારીગણ તમામને રસીનો ડોઝ આપવામાં આવેલો હતો અને જનજાગૃતિ માટે રસી ની માહિતી માટે રસી મુકાવી જરૂરી છે. સંતરામપુર પ્રાંત અધિકારી અને તમામ અધિકારીઓ અને સ્ટાફ ગણ એ રસી વિશે માર્ગદર્શન આપ્યું હતું અને જણાવેલું કે રસી મુકવાથી રોગપ્રતિકારક શક્તિનો વધારો થાય છે કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી ખોટી અફવાઓથી દૂર રહેવું રસી મૂકવો અને સ્વસ્થ રહો કોરા ના જેવી વાયરસ થી બચો તમામ સ્ટાફ ગણ કર્મચારી જાહેર જનતાને પણ માર્ગદર્શન આપેલું હતું સંતરામપુર બ્લોક હેલ્થ કચેરી ના ડોક્ટર નરેન્દ્ર ગોસાઈ પ્રથમ રસીનો ડોઝ મુકાબલો હતો તેમણે જણાવેલું કે મને કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી હું અત્યારે તો સ્વચ્છ છું અનુભવ અને વાસ્તવિકતા જણાવી હતી સંતરામપુર નગરમાં નર્સિંગ કોલેજમાં રસીનું બીજા તબક્કા નો ડોઝ આપવાનું શરૂ કરવામાં આવ્યો હતો આ કામગીરીમાં સ્ટેટ હોસ્પિટલના તબીબો સ્ટાફ નર્સ પ્રાથમિક પીએચસીના ડોક્ટરો તમામ સહકારથી આજે રસી મુક્વા ની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# સંતરામપુર પાલિકામાં સામાન્ય સભા યોજાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરપાલિકા માં સભા યોજાઈ સંતરામપુર નગરપાલિકા માં આજરોજ નગરપાલિકાના પ્રમુખ સુનિતાબેન ખાતે નગરપાલિકાના ચૂંટાયેલા તમામ સભ્યોની સામાન્ય સભા યોજાઈ હતી આ તમામનું હાર્દિક સ્વાગત કર્યું હતું. આ સામાન્ય સભામાં સંતરામપુર નગરના વિકાસના કામોનું આયોજન કરવામાં આવેલ હતું અને સંતરામપુર નગરના રજૂઆતના કેટલાક પ્રશ્નોને નિકાલ કરવા માટે ચર્ચા કરવામાં આવી હતી. આ સામાન્ય સભામાં વીડિયોગ્રાફી સાથે સભા યોજવામાં આવી હતી અને પ્રમુખે સુનીતાબેન ખાટ અને ઉપપ્રમુખ હિતેશભાઈ ઉપાધ્યાય જણાવેલું કે તમારા મત વિસ્તારના જે પણ પ્રશ્ન હોય તમામ પ્રશ્નો વહેલી તકે નિરાકરણ લાવવામાં આવશે તમામ સભ્યોને જણાવેલું કે તમામ સભ્ય તમારા વિસ્તારમાં કોઈપણ પ્રકારની કામગીરી હોય અમે કામ કર્યું અને સંપૂર્ણ પૂરૂ પણ કરીશું અને સાથે આ સામાન્ય સભામાં સભ્યોની સમિતિની નિમણૂક કરવામાં આવી હતી આ સામાન્ય સભામાં વિકાસના કામોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને આ સભા ની અંદર નગરપાલિકાના ચીફ ઓફિસર દિલીપ ભાઈ હઠીલા નગરપાલિકા પ્રમુખ મતી સુનીતાબેન ખાટ તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



સંતરામપુર તાલુકા તાલુકા પંચાયત તથા મામલતદાર ઓફિસના કર્મચારીઓ દ્વારા શહીદ દિન નિમિત્તે વીર શહીદોની સ્મૃતિમાં બે મિનિટ મૌન રાખવામાં આવ્યું. તાલુકામાં તાલુકા પંચાયત તથા મામલતદાર ઓફિસના કર્મચારીઓ દ્વારા ૩૦ જાન્યુઆરી ના શહીદ દિન નિમિત્તે ૧૧:૦૦ કલાકે કર્મચારીઓ દ્વારા બે મિનિટનું મૌન તથા શહીદ વીરો ને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યું હતું તથા ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું તેવા વીર શહીદોની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો.

# પંચમહાલ જિલ્લાના ગોધરામાં મંજુરી વગર બાયોડિઝલના વેપાર સામે પેટ્રોલપંપ ડીલર્સ એસોસિએશન દ્વારા રજુઆત

ગોધરા,
ગોધરા શહેર સહિત જિલ્લામાં મંજુરી વગર બાયોડિઝલનો વેપલો બેફામ રીતે ચાલી રહ્યો છે. તેમ છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યુ હોય બાયોડિઝલ પંપ ધારકોને છુટો દોર મળી ગયો છે. ગોધરા પેટ્રોલપંપ ડીલર્સ એસોસિએશન દ્વારા વહીવટીતંત્રને રજુઆત કરવામાં આવી છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી જેના કારણે બાયોડિઝલનો ધંધો બેરોકટોક ચાલી રહ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા માત્ર બ્લેડિંગ(મિશ્રણ)માટે જ ફ્યુઅલ ઓઈલ મિશ્રિત બાયોડિઝલ વેચવાની પરવાનગી આપે છે. તે માટે એવી શરત રાખવામાં આવી છે કે, પેટ્રોલ–ડિઝલ પંપની જેમ બાયોડિઝલ પંપ ખોલવા માટે લાયસન્સ અને મંજુરી લેવી જરૂરી છે. પરંતુ કેટલાક લોકો દ્વારા જિલ્લામાં લાયસન્સ અને પરવાનગી વગર જ બાયોડિઝલ પંપ ખોલવામાં આવ્યા છે. બીજી તરફ તંત્ર એવુ જણાવી રહ્યુ છે કે, મંજુરી માટેનો કોઈ પરીપત્ર આપ્યો નથી. ત્યારે પ્રશ્ન એ થઈ રહ્યો છે કે, જિલ્લામાં કોની મંજુરીથી બાયોડિઝલ પંપ ચાલી રહ્યા છે.

હાઈવે પર ઠેર ઠેર બાયોડિઝલ પંપ મંજુરી વગર ગેરકાયદેસર રીતે ખુલી ગયા હોય ડીઝલનુ ૩૦ ટકા જેટલુ માર્કેટ આ બિનઅધિકૃત બાયોડિઝલ વિક્રેતાઓએ કબ્જે કરી લીધુ છે.જો તેમના પર કોઈ કાર્યવાહી ન થાય તો આ ગોરખધંધાને કારણે પેટ્રોલપંપ ડીલર્સ અને રાજય સરકારને મોટુ નુકસાન થાય છે. તાજેતરમાં સરકાર દ્વારા ગેરકાયદે ચાલતા બાયોડિઝલ પંપો પર દરોડા પાડી બંધ કરાવવામાં આવ્યા હતા.જરૂરી કાર્યવાહી કરવામાં આવી પરંતુ સમય જતાંની સાથે હવે ફરી બાયોડિઝલ ગેરકાયદે પંપો ધમધમી રહ્યા હોવા છતાં તંત્ર આંખ આડ કાન કરી રહ્યુ હોવાનુ માલુમ પડ્યુ છે. જિલ્લામાં ચાલતા ગેરકાયદે બાયોડિઝલ પંપ મામલે ગોધરા પેટ્રોલ–ડિઝલ એસોસિએશન દ્વારા આવા પંપો બંધ કરાવવા માટે સરકારમાં રજુઆત કરી છે.જેથી વહેલી તકે તંત્ર દ્વારા બંધ કરે તેવી માંગ એસોસિએશન દ્વારા કરી છે.

# બાલાસિનોર તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચુંટણી લડવા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોમાં થનગનાટ

બાલાસિનોર,
બાલાસિનોર તાલુકામાંથી સ્થાનિક સ્વરાજની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે તાલુકા પંચાયતની ૧૮ સીટ અને જિલ્લા પંચાયતની ૩ સીટ પૈકી ભાજપ અને કોંગ્રેસમાં ચુંટણી લડવા માટે ઉમેદવારોમાં ભારે થનગણાટ જોવા મળી રહ્યો છે. બંને પક્ષો દ્વારા સભાઓનો દોર શરૂ થયો છે. બાલાસિનોર તાલુકાની ૩ જિલ્લા પંચાયતોમાં ભાજપ પક્ષમાંથી ચુંટણી લડવા થનગણાટ કરી રહેલા ૯ ઉમેદવારોએ પોતાના પક્ષમાં દાવેદારી નોંધાવી છે. ત્યારે કોંગ્રેસ પક્ષમાંથી ૬ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. જયારે તાલુકા પંચાયતની ૧૮ સીટોમાંથી ભાજપ પક્ષના ૬૩ અને કોંગ્રેસ પક્ષના ૩૭ ઉમેદવારોએ પોતાના પક્ષમાં ટિકીટ માટે દાવેદારી નોંધાવી છે.

# વિરપુર તાલુકાના પાટીયાના મુવાડા ગામેથી પ્રાથમિક સુવિધાના અભાવે ચુંટણી બહિષ્કારના બેનરો લગાવતા તંત્રમાં દોડધામ

વિરપુર,
મહિસાગર જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજની ચુંટણી આવી રહી છે. ત્યારે વિરપુર તાલુકાના પાટીયાના મુવાડા ગામે પ્રાથમિક સુવિધાઓના અભાવે ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ચુંટણીનો બહિષ્કાર કરવાના બેનરો લગાવી વિરોધ કર્યો હતો. આ અંગેના અહેવાલો પ્રસિદ્ધ થતાં તંત્ર દોડતુ થયુ છે. ટી.ડી.ઓ.બી.કે.કટારા સહિતના અધિકારીઓ ગામની મુલાકાતે દોડી આવ્યા હતા. જયારે ગ્રામજનો દ્વારા મામલતદારને લેખિતમાં રજુઆત કરી ગામમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાનુ જણાવ્યુ હતુ. જયારે ટી.ડી.ઓ.એ ગ્રામજનોનો નવો માર્ગ બનાવવા માટે આશ્વાસન આપ્યુ હતુ.

# લુણાવાડા પાલિકાના તત્કાલિન પ્રમુખ પાસેથી ૪૬ લાખ વસુલવાનો હુકમ

મલેકપુર,
લુણાવાડા નગરપાલિકામાં તત્કાલિન પ્રમુખે ફરજ દરમિયાન હોદ્દાનો દુરૂપયોગ કરી સ્થળ ફેરની મંજુરી વગર લુણાવાડાના ઈન્દિરાના મેદાનમાં ટાઉન હોલના બાંધકામ બાબતે પાલિકાઓની કચેરી વડોદરા પ્રાદેશિક કમિશનરે પાલિકાને કરેલા રૂ.૪૬ લાખના નુકસાનની વસુલાત તત્કાલિન પાલિકા પ્રમુખ પાસેથી હુકમ થયાના દિન–૩૦માં વસુલ કરવા હુકમ કર્યો છે.

તત્કાલિન પ્રમુખ જયેન્દ્રસિંહ વાય.સોલંકી અને ચીફ ઓફિસર વિરુદ્ધ લુણાવાડા પાલિકાના સભ્ય મુળજીભાઈ રાણાએ નગરપાલિકાઓની કચેરી વડોદરા પ્રાદેશિક કમિશનરની કોર્ટમાં કરેલી અપીલ અંગે બંને પક્ષો તરફથી રજુ થયેલ લેખિત દલીલો તથા સમગ્ર કેસની હકીકતો અને કેસ સાથે ઉપલબ્ધ સાધનિક કાગળોના આધારે ફલિત થયેલા તારણો મુજબ ટાઉન હોલ બાંધવા ઠરાવેલ સી.સ.નં.૧૭૧ પૈકીની જમીન નગરપાલિકાને બગીચાના હેતુ બાંધકામ માટે ફાળવેલ હતી. ટાઉન હોલ બાંધકામ કરવા માટે હેતુફેર કરવા અંગે કોઈ સક્ષમ ઓથોરિટીની મંજુરી લેવામાં આવેલ નથી. જેથી ઠરાવ કરીને સત્તાનો દુરૂપયોગ કરેલ છે.

સ.ન.૧૭૧ પૈકીની જમીનમાં બાંધકામ કરવાનુ ઠરાવ્યા બાદ નવેસરથી રિવાઈઝર્ડ વહીવટી તથા તાંત્રિક મંજુરી તેમજ સ્થળ ફેરની વહીવટી મંજુરી મેળવવી જોઈતી હતી તે નહિ મેળવીને સત્તાનો દુરૂપયોગ કરેલ છે. સામાન્ય સભાના ઠરાવ નં–૪૧ થી સી.સ.ન.૧૭૧ પૈકીની નગરપાલિકા હસ્તકની ખુલ્લી જગ્યામાં ટાઉન હોલ બાંધવા ઠરાવવામાં આવેલો અને આ અંગેની કાર્યવાહી કરવા પ્રમુખ નગર પાલિકા લુણાવાડાને સત્તા આપવા સર્વાનુમતે ઠરાવેલ છે. જે સત્તાની રૂએ કરેલ કાર્યવાહીમાં થયેલ વિસંગતતા કાયદાની જોગવાઈ વિરુદ્ધ કરેલ તમામ પ્રક્રિયા માટે પ્રમુખ જવાબદાર બને છે. સ્થળ ફેરફારની મંજુરી મેળવ્યા સિવાય થયેલા કામ અંગે પ્રથમ આર.એ.,બીલની માંગણી અન્વયે દિશા સિવિલ એન્જિનિયરીંગ ડિઝાઈનનાઓ દ્વારા થયેલ કામો અંગે માપપોથીમાં માપો નોંધી સર્ટિફિકેટ ઓફ પેમેન્ટ રૂ.૪૬,૫૫,૬૨૭/–ના બિલનુ ચુકવણુ કરીને સત્તાનો દુરૂપયોગ કરેલ છે. તેમજ ટેન્ડર મંજુર થયા બાદ લગભગ એક વર્ષ નવ માસના લાંબા સમય બાદ દેવશ્રી કન્સ્ટ્રકશન કંપની, ગાંધીનગરને તા.૧૯/૦૨/૨૦૧૯થી ટેન્ડર, કરારની શરતોને આધિન વર્ક ઓર્ડર આપેલ છે. તેમજ તેઓ સાથે કરેલ કરાર મુજબ સદર કામ બાર માસ સુધીમાં પુર્ણ કરી આપવા જણાવેલ છે. અને સમયમર્યાદામાં વિલંબ થશે તો કંપની જવાબદાર રહેશે તેમ જણાવેલ છે. તે મુજબ કામ પુર્ણ થયેલ નથી. ના.કાર્યપાલક ઈજનેર લુણાવાડાનો રિવાઈઝડ ટી.એસ.લેવાની જરૂરિયાત રહેતી નથી. તેમ આપેલ અભિપ્રાય ખોટો ઠરે છે.

અંદાજ પત્રમાં જથ્થામાં થયેલા વધારા અંગે કન્સલટન્ટ જોડે મૌખિક ચર્ચા–વિચારણા કરી આપેલ અભિપ્રાય કાયદાકિય સુસંગત નથી. સમગ્ર કેસની હકીકતો તથા રેકર્ડની વિગતો જોતા નગરપાલિકાઓ વડોદરા પ્રા.કમિશનરે હુકમ કર્યો છે કે, લુણાવાડા નગરપાલિકાના પ્રમુખ જયેન્દ્રસિંહ વાય.સોલંકી દ્વારા પાલિકાના કાયદાકિય જોગવાઈઓનુ ઉલ્લંઘન કરેલનુ તેમજ તેઓને આપેલ સત્તાનો દુરૂપયોગ કરેલની સ્પષ્ટપણે ફલિત થાય છે.તેના સીધા પરિણામરૂપે નગરપાલિકાને રૂ.૪૬,૫૫,૬૨૭નુ નાણાંકિય નુકસાન જણાતા ગુજરાત નગરપાલિકા અધિનિયમ હેઠળ નગરપાલિકાને કરેલ રૂ.૪૬,૫૫,૬૨૭ લુણાવાડા નગરપાલિકા પ્રમુખ પાસેથી હુકમ થયાના દિન–૩૦માં વસુલ કરવા હુકમ કરવામાં આવે છે. તથા નિયત મુદ્દતમાં નાણાં સરકારમાં જમાં કરે નહિ તો જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવા પગલા લેવા અંગે ચીફ ઓફિસર લુણાવાડા નગરપાલિકાને સુચના આપી છે.

# ૨૬ જાન્યુઆરીના રોજ તિરંગાનું અપમાન જોઈ ઘણું દુઃખ થયું: મોદી



ન્યુ દિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું હતું કે ૨૬ જાન્યુઆરીએ ત્રિરંગાનું અપમાન જોઈને દેશ ખૂબ જ દુખી હતો. નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિએ સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યા પછી 'બજેટ સત્ર' પણ શરૂ થઈ ગયું છે. તે બધા વચ્ચે બીજું એક કાર્ય હતું, જેની આપણને બધાની ખૂબ આતપરતાથી રાહ હોય છે. એ એટલે પદ્મ એવોર્ડની ઘોષણા. આ વર્ષે પણ એવોર્ડ મેળવનારાઓમાં એવા લોકો છે કે જેમણે વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી, પોતાના કામોથી જીવન બદલીને દેશને આગળ વધાર્યો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે રાષ્ટ્રએ તેમની સિદ્ધિઓ અને માનવતા પ્રત્યેના તેમના યોગદાન માટે અસાધારણ કાર્ય કરી રહેલા લોકોને સન્માનિત કર્યા છે. એટલે કે કેટલાક વર્ષો પહેલા દેશ દ્વારા શરૂ કરાયેલી તળિયાના સ્તરે કામ કરતા અનસંગ હીરોને પદ્મ સન્માન આપવાની પરંપરા આ વખતે પણ યથાવત્ છે. પીએમ મોદીએ કહ્યું કે આ મહિનામાં ક્રિકેટ પિચને લઈને પણ ખૂબ સારા સમાચાર મળ્યા છે. આપણી ક્રિકેટ ટીમે પ્રારંભિક મુશ્કેલીઓ પછી શાનદાર વાપસી કરી ઓસ્ટ્રેલિયામાં સીરિઝ જીતી લીધી હતી. ખેલાડીઓની સખત મહેનત અને ટીમ વર્ક ખરેખર પ્રેરણાદાયક છે.

આ પછી ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે આ બધાની વચ્ચે, ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં ત્રિરંગાનું અપમાન જોઈને દેશ ખૂબ જ દુખી થયો છે. કોરોના રસીકરણનો ઉલ્લેખ કરતા PM મોદીએ કહ્યું કે જેમ ભારતની કોરોના સામેની લડાઈ એક ઉદાહરણ બની ગઈ છે, તેમ હવે, આપણો રસીકરણ કાર્યક્રમ પણ વિશ્વમાં એક ઉદાહરણ બની રહ્યો છે. આજે ભારત વિશ્વનો સૌથી મોટો કોવિડ રસી કાર્યક્રમ ચલાવી રહ્યો છે.

પીએમએ કહ્યું કે તમે બધા જાણો છો કે આનાથી પણ વધારે ગર્વની વાત શું છે? સૌથી મોટા રસી પ્રોગ્રામની સાથે આપણે વિશ્વના સૌથી ઝડપી ગતિએ આપણા નાગરિકોને પણ રસી આપી રહ્યા છીએ. માત્ર ૧૫ દિવસમાં, ભારતે તેના કોરોના યોદ્ધામાંથી ૩ મિલિયનથી વધુને રસી આપી દીધી છે. જ્યારે અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં, આ જ કાર્યમાં ૧૮ દિવસ અને બ્રિટનને ૩૬ દિવસનો સમય લાગ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે મિત્રો, મેડ-ઈન-ઈન્ડિયા રસી ભારતના આત્મનિર્ભરતાનું પ્રતીક તો છે જ છે પણ સાથે સાથે ભારતના આત્મગૌરનું પણ પ્રતીક છે.

મન કી બાબતમાં પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષથી ભારત તેની આઝાદીનો ૭૫ વર્ષનો ઉજવણી અમૃત મહોત્સવ શરૂ કરવા જઈ રહ્યો છે. ત્યારે આપણે આપણા મહાન લોકો સાથે સંકળાયેલ સ્થાનિક સ્થાનોનું અન્વેષણ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે કે જેના કારણે આપણે સ્વતંત્રતા મળી છે. હું તે શહીદોને નમન કરું છું અને તેમની હિંમતને શ્રદ્ધાંજલિ આપું છું, હું જયરામ વિપ્લવ જીનો આભાર માનું છું. તે દેશમાં એક ઘટનાને સામે લાવ્યા જેની જેટલી ચર્ચા થવી જોઈએ તેટલી થઈ શકી નહીં.

શહાદત દિન વિશે મુંગેરના જયરામ વિપ્લવજીએ મને લખ્યું છે. આવી સ્થિતિમાં તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આપણે તેમના સંઘર્ષો અને તેમની સાથે સંબંધિત યાદોની કદર કરીએ. આ વિશેની માહિતી લખીને આપણે તેમની યાદોને આપણી ભાવિ પેઢી માટે જીવંત રાખી શકીએ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૧-૦૨-૨૦૨૧, સોમવાર, પોષ વદ-૪, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૩, જૈન નવકારશી-૮-૧૫,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
૧૨-૩૮થી અભિજીત-૧૩-૨૩ સુધી, ૭-૨૭થી અમૃત-૮-૫૦ સુધી, ૧૦-૧૪થી શુભ-૧૧-૩૭ સુધી, ૧૪-૨૪થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૧૧ સુધી, ૨૩-૨૪થી લાભ ૨૫-૦૦

- શુભ હોરા-
૭-૨૭થી ૮-૨૨ સુધી, ૯-૧૮થી ૧૦-૧૪ સુધી, ૧૨-૦૫થી ૧૪-૫૨ સુધી, ૧૫-૪૭ થી ૧૬-૪૩ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૧.૦૨.૨૦૨૧ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ.
વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય.
મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.
કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ
સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા
તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.
વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.
મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.
કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો.
મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

**પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલનો પગલે**

## દે.બારીઆ તળાવ પાસેના RCC રોડમાં હવે સ્ટીલના સળીયાનો ઉપયોગ થતા પ્રજામાં આનંદ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ તળાવ પાસેના આર.સી.સી. રોડની કામગીરીમાં સ્ટીલના સળીયા વપરાતા ન હોવાથી બિનગુણવત્તા અંગેની પોલ ખોલતો અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યા બાદ સફાળા જાગેલ તંત્ર દ્વારા હવે થી રોડની કામગીરીમાં સ્ટીલના સળીયા વાપરવાનું નક્કી કરાતા પ્રજાએ પંચમહાલ સમાચારના અહેવાલને બિરદાવીને સુવિધા અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

ગત તા.૨૬/૦૧/૨૦૨૧ મંગળવારના અમારા પંચમહાલ સમાચાર દૈનિક પેપરમાં એક અહેવાલ છે. બારીયા શહેરના બગીચા, તાલુકા પંચાયત ઓફિસને જોડતો બે તળાવો વચ્ચેનો હાલમાં આર.સી.સી.રોડ બની રહ્યો છે. જેમાં સ્ટીલના સળીયાનો ઉપયોગ થતો નથી. તેવો અહેવાલ પ્રસિદ્ધ કરાગો હતો. કોન્ટ્રાકટરની સાથે નગર પાલિકાના સિવિલ ઈન્જીનીયરનો પોળ બહાર પડતા તાકીદે સળીયા બીછાવવાના શરૂ થઈ ચૂકયા છે. પરંતુ ૨૦૦ મીટરનો રોડ સ્ટીલના સળીયા વગરનો બની ગયો છે. તેની ભરપાઈ કોણ કરશે તે યક્ષ પ્રશ્ન છે. ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલ ભાજપા સરકાર નગરોના વિકાસ થાય તેમજ નગરજનોની પ્રાથમિક સુવિધા રોડ –રસ્તા– પાણી–સ્વચ્છતા મળે તે માટે પ્રયત્નો કરે છે. પરંતુ ભ્રષ્ટાચારી નોમીનેટ કોન્ટ્રાકટરો તેમજ કર્મીઓ સાથે સદસ્યોના મેળાપીપણા થી ગુણવતા વિહિન વેઠ ઉતારું કાર્ય કરાતા કૌભાંડ બહાર આવ્યા છે. જે આ એક ઉત્તમ નમુનારૂપ રોડના કાર્યમાં સળીયાનો ઉપયોગ થયો ન હતો. ગુણવત્તા વિહિન કામગીરી અંગેનો અહેવાલ બહાર આવતા લાખ્ખોના કિંમતના સ્ટીલ સળીયા હવે ઉપયોગમાં આવતાં આર.સી.સી. રોડમાં ગુણવત્તા અચૂક આવશે. આમ, લોકશાહીનો ચોથું સ્તંભ ગણાતું પંચમહાલ સમાચાર પ્રિન્ટ મીડીયા પોતાનું કર્તવ્ય દાખવતા ભ્રષ્ટાચારીઓ પોતાની મનમાનીનો ખેલ પાડે તે પૂર્વે પોલ ખોલી દેવાઈ હોવાનું દે.બારીઆની આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

## દાહોદમાં ઝાયડસ ટાઈમ્સ બુકનું લોન્ચીંગ




દાહોદ,

દાહોદની ઝાયડસ મેડીકલ કોલેજ ખાતે વાઈટ કોટ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજથી આ સેરેમનીમાં સામેલ વિદ્યાર્થીઓને વાઈટ કોટની સાથે સાથે સ્ટેસ્થેસ્કોપ તથા ડિસેકશન બોક્સ આપવામાં આવ્યું હતું અને તારીખ ૧લી ફેબ્રુઆરીના રોજથી રેગ્યુલર કલાસ ચાલુ કરવામાં આવશે હોવાનું પણ જણાવાયું છે. આ સાથે ઝાયડસ ટાઈમ્સ બૂકનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું.

દાહોદની ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની વ્હાઈટ કોટ સેરેમની યોજાઈ હતી. ઝાયડસ ફાઉન્ડેશનના ડિરેકટર જે.બી. ગોરના અદયસ્થાને સંસ્થાના નીમનળીયા કેમ્પસમાં તારીખ ૨૯.૦૧.૨૦૨૧ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં ઝાયડસ હોસ્પિટલના સી.ઓ.ઓ. ડૉ.સંજયકુમાર, ડીન ડૉ.સી.બી. ત્રિપાઠી, મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ.ભરત હઠીલા, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, સિનિયર મેનેજર હેતલબેન રાવ, એડમીન વિશાલ પટલે સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ મેડીકલ કોલેજના ૨૦૨૦–૨૧ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને સફેદ કોટ, સ્થેટોસ્કોપ વિગેરે આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

## દાહોદના ગલાલીયાવાડમાં મકાન અને દુકાનના બાંધકામને રોકવા ટોળા દ્વારા ધિંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે મહિલા સહિત ૧૯ જેટલા માથાભારે ઈસમોએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી, ગેરકાયદેસર મંડળી બનાવી ફળિયામાં મકાન અને દુકાનનું બાંધકામ કરી રહેલા કેટલાક વ્યકિતઓને ડરાવી ધમકાવી, બેફામ ગાળો બોલી ભારે હુલ્લડ કર્યું હતું. આ હુલ્લડને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. વધુમાં જાણવા મળ્યા અનુસાર, આ માથાભારે ઈસમો દ્વારા અગાઉ આજ વ્યક્તિઓ સાથે જમીન સંબંધી અને બાંધકામ બાબતે અવાર નવાર મારી નાંખવાની ધાકધમકીઓ પણ આપવામાં આવી હતી અને જે તે સમયે બળજરીપુર્વક રૂપીયા પડાવી, સમાધાન લખાવી લીધું હતું અને ફરીવાર આજે જ્યારે આ ધિંગાણું મચાવતાં આ માથાભારે ઈસમોથી ત્રાસી જઈ પોલીસની શરણે લોકો જઈ કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગલાલીયાવાડ ગામે ગારી ફળિયામાં રહેતા કરણભાઈ જવસિંહ બિલવાળ, વિરજીભાઈ છગનભાઈ બિલવાળ, બીજીયાભાઈ છગનભાઈ બીલવાળ, છેલાભાઈ છગનભાઈ બિલવાળ, જવસિંગભાઈ છગનભાઈ બીલવાળ, તાનસીંગભાઈ બીલવાળ, નવલભાઈ બીજીયાભાઈ બીલવાળ, લદ્દુભાઈ વિરજીભાઈ બીલવાળ, સુરતીબેન જવસીંગભાઈ બીલવાળ, જીમાબેન જવસિંગભાઈ બીલવાળ, રમીલાબેન જવસિંગભાઈ બીલવાળ, સુમીત્રાબેન જવસીંગભાઈ બીલવાળ, અભેસીંગભાઈ જવસીંગભાઈ બીલવાળ, જેતાબેન છગનભાઈ બીલવાળ, ભગવાનભાઈ ગંગાભાઈ ગારી, જેઠાભાઈ ગંગાભાઈ ગારી, કમળાબેન ગંગાભાઈ ગારી, લાલીબેન ગંગાભાઈ ગારી અને રમીલાબેન ગંગાભાઈ ગારીનાઓએ ગત તા.૨૫મી જાન્યુઆરીના રોજ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો લઈ દાહોદના ગોધરા રોડ, પુષ્ટીનગર ખાતે રહેતા મનુભાઈ વાડીલાલ દેસાઈનું ગલાલીયાવાડ ખાતે તેઓના મકાન અને દુકાનનું બાંધકામ થઈ રહ્યું હતું તે સ્થળે આ ટોળુ પહોંચ્યું હતું જ્યાં આ ટોળાએ ગેરકાયદેસર પ્રવેશ કરી ભારે હુલ્લડ મચાવ્યું હતું અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અહીંયા બાંધકામ કેમ કરો છો, આ જમીન અમારી છે, તેમ કહી મનુભાઈ તથા તેમની સાથેના માણસોને ભગાડી મુક્યાં હતાં અને કહેવા લાગેલ કે, ફરીથી બાંધકામ કરવા આવશો તો મારી નાંખીશું. અગાઉ આ લોકો દ્વારા મનુભાઈ દેસાઈ અને મોહનભાઈ ધુળાભાઈ માળીનું બાંધકામ પણ અટકાવી અવાર નવાર મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં હતા અને બળજબરીપુર્વક રૂપીયા પડાવી તે સમયે સમાધાન પણ લખાવી લીધું હતું.

આ હેરાનગતિના ત્રાસથી કંટાળી જઈ મનુભાઈ વાડીલાલ દેસાઈએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉપરોક્ત ટોળા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તમામના ધરપકડના ચક્રો પણ ગતિમાન કર્યા છે.

## દાહોદમાં શહીદ દિન નિમિત્તે શહીદોની સ્મૃતિમાં બે મિનિટ મૌન પાળીને શ્રદ્ધાંજલી અપાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે આજ રોજ શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે કલેક્ટર વિજય ખરાડી સહિતના અધિકારીઓ, કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળીને શહીદવીરોને શ્રદ્ધાંસુમન અર્પણ કર્યા હતા. ભારતના સ્વાતંત્ર્ય સગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં આ શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો.

શહીદ દિન નિમિત્તે જિલ્લા સેવા સદન પ્રાંગણમાં કલેક્ટર વિજય ખરાડી, નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવે તથા જિલ્લા સેવા સદન ખાતેની વિવિધ કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને શહીદ દિન નિમિત્તે બે મિનિટનું મૌન પાળ્યું હતું. આ ઉપરાંત જિલ્લાની વિવિધ કચેરીઓમાં પણ સવારે ૧૧ વાગ્યે અધિકારીઓ–કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળીને શહીદોના બલિદાનને યાદ કરી શ્રદ્ધાંજલી આપી હતી.

## ઝાલોદ ધાડલુંટના વોન્ટેડ આરોપી પોલીસે ઝડપ્યો

દાહોદ,

છેલ્લા સાત વર્ષથી ઝાલોદ પોલીસ સ્ટેશનના ચોંપડે નોંધાયેલ ધાડના ગુનામાં નાસતાં ફરતાં મધ્યપ્રદેશના આરોપીને અચલધરા અનાસ નદી ઉપરથી મળેલ બાતમીના આધારે દાહોદ એલ.સી.બી.પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લામાં મિલક્ત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ તેમજ લુંટ,ધાડ અને ઘરફોડ ચોરીની ગેંગોના નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડવા દાહોદ એલ.સી.બી.પોલીસને સુચના અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.પોલીસે જિલ્લામાં ડ્રાઈવનું આયોજન કર્યું હતું અને આ દરમ્યાન મળેલ બાતમીના આધારે ઝાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધાડ લુંટના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો આરોપી વિલેશ ઉર્ફે નિલેશ ખુમાનભાઈ પારગી (રહે.બાલવાસા,તા. થાંદલા, જિ.ઝાબુઆ,મ.પ્ર) કચલધરા અનાસ નદી ઉપર હોવાનું એલ.સી.બી.પોલીસને બાતમી મળતાં પોલીસ કાફલો સ્થળ પર રવાના થયો હતો અને આ આરોપી જોવાતાની સાથે જ તેને ચારેય તરફથી ઘેરી લઈ દબોચી લીધો હતો. આ આરોપીને ઝાલોદ પોલીસ મથકે સોંપવામાં આવ્યાં બાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાહોદ ખાતે જીલ્લા કલેકટર એ સૌપ્રથમ કોરોનાની વેક્સિન લઈ વેક્સિનેશનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો



દાહોદ,

દાહોદમાં કોરોના રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ કલેક્ટર વિજય ખરાડીએ સૌપ્રથમ પોતાને રસીકરણ કરાવીને કરાવ્યો છે. દાહોદની ઝાયડસ હોસ્પીટલ અને મેડીકલ કોલેજ ખાતે તેમણે સૌપ્રથમ કોરોનાની વેક્સિન લીધી હતી. તેમની આ પ્રેરણાદાયી પહેલમાં જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર પણ જોડાયા હતા અને તેમણે પણ કોરોનાની વેક્સિન લીધી હતી. બીજા તબક્કામાં જિલ્લાના ૨૮૦૦ જેટલા ફ્ન્ટલાઈન કોરોના વોરિર્યસને આગામી પાંચ દિવસમાં કોરોના વેક્સિન આપવામાં આવશે. જેમાં મહેસુલ, પોલીસ વિભાગ અને નગરપાલિકા સહિતના વિભાગોના અધિકારીઓ–કર્મચારીઓને વેક્સિન આપવામાં આવશે.

આ પ્રસંગે કલેકટર વિજય ખરાડીએ જણાવ્યું કે, આજે ૩૧ જાન્યુઆરીથી સમગ્ર રાજયમાં અને દાહોદમાં પણ આરોગ્ય વિભાગ પછીના ફ્ન્ટલાઈન કોરોના વોરિયર્સના વેક્સિનેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં મહેસુલ, પોલીસ વિભાગ અને નગરપાલિકાના કર્મચારીઓથી વેક્સિનેશનની શરૂઆત કરવામાં આવી છે. બીજા તબક્કામાં જિલ્લાના ૨૮૦૦ ફ્ન્ટલાઈન કોરોના વોરિર્યસને રસી આપવામાં આવશે. આ કામગીરી ત્રણ થી પાંચ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.

રાજય સરકારે કોરોના વેક્સિનેશનના બીજા તબક્કામાં ફ્ન્ટલાઈન કોરોના વોરિર્યસ તરીકે કામ કરતા અધિકારીઓ–કર્મચારીઓને સામેલ કર્યા છે. આપણા સૌ માટે આ એક ગૌરવની વાત છે. આગામી સમયમાં બાકીના વિભાગના કર્મચારીઓને પણ વેક્સિન આપવામાં આવશે. ઉપરાંત ૫૦ થી વધુ વયના નાગરિકો અને ૫૦ થી નીચેના કોમોરબીડ હોય તેવા નાગરિકોનો પણ સમાવેશ કરવામાં આવશે. કોરોના વેક્સિન બાબતે કોઈ પણ જાતનો ડર રાખવાનો નથી કે અફવાઓથી ગેરમાર્ગે દોરાવું નહી. આપણે પોતે કોરોના વક્સિન લઈને બીજા માટે ઉદાહરણરૂપ થવું જોઈએ.

આજે કલેક્ટર વિજય ખરાડીએ નવા બનેલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે પોલીયો રસીકરણનો પણ પ્રારંભ કરાવ્યો હતો. ત્યાર બાદ ઝાયડસ હોસ્પીટલ અને મેડીકલ કોલેજ ખાતે કોરોના રસીકરણનો પ્રારંભ કરાવ્યો હતો અને વિવિધ વિભાગોના ફ્ન્ટલાઈન કોરોના વોરિર્યસે આજે કોરોનાની વેક્સિન લીધી હતી.

## આહાર ટ્રસ્ટ દેવગઢ બારિયાની ગરીબ પરિવારને નવા ઘર 'પ્રેમાહાર' ની અદભુત ભેટ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

મોટીઝરી ખાતે ખુબજ દરિદ્રતામાં જીવતા અને ફાટેલા પ્લાસ્ટિકના અને કંતાનના બનેલા નાના ઝુંપડામાં રહી છુટક મજૂરી કરતા બાબુભાઈ પટેલ–૪૦ તેમની પત્ની અનિલાબેન –૩૮ અને નાની છોકરી સેજલ–૭ ને આજે તારીખ –૩૧–૦૧–૨૦૨૧ ના રોજ તેમના જ ખેતરમાં આહાર ટ્રસ્ટ દ્વારા નવું એક રૂમ –રસોડાનું પાકું મકાન ''પ્રેમાહાર 'બનાવી તેમાં ઘરવપરાશના તમામ સાધનો જેવાકે –રસોઈના વાસણો– વાસણો મુક્વાનો ઘોડો––બે પલંગ–બે ગાદી –ઓશિકા–ચાદરો તથા ધાબળા ના સેટ–નવા કપડાં–ચપ્પલ વગેરે આપી અને ગરીબ પરિવાર ના સંબંધીઓ તથા ગામના ૧૫૦લોકોને દાળ –ભાત –શાક–લાપસી નું પાકું ભોજન જમાડી અને જય ભગવાન દાદા બ્રાહ્મણ દ્વારા નિઃશુલ્ક સત્યનારાયણની કથા સાથે શાસ્ત્રોક્તવિધિ સાથે તેઓને નવા ઘરમાં ગૃહપ્રવેશ કરાવી આહાર ટ્રસ્ટ –દેવગઢ બારીયા દ્વારા ગરીબ પરિવારમાં ખુશીઓનું વાવાઝોડું લાવી ઉજવણી કરવામાં આવી હતી. અને સરકાર તરફથી તાત્કાલિક આ પરિવાર ને ટોયલેટ પણ બનાવી આપવામાં આવ્યું. આ આખા કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નાની ખજૂરી પ્રાથમિક શાળાના આચાર્ય દિલીપભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેઓના અથાગ પ્રયત્નો ને કારણે આ ગરીબ પરિવારમાં ખુશીનો પ્રવેશ થઈ શક્યો.



તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ઝાલોદ તાલુકાના ગામડી જિલ્લા સીટની મહૂડી ખાતે BTP ની મિટિંગ કરવામાં આવી જેમાં દાહોદ જિલ્લાના BTP પ્રમુખ, અજયભાઈ કટારા, ઉપ પ્રમુખ રમેશભાઈ ગરાસિયા, દાહોદ જિલ્લાના મહામંત્રી હિતેશ ભાઈ પારગી, ઝાલોદ તાલુકાના BTP પ્રમુખ પ્રકાશભાઈ ડામોર તેમજ ઝાલોદ તાલુકાના BTP મહામંત્રી વિલ્સનભાઈ પારગી તેમજ તમામ કાર્યકરોએ હાજરી આપી હતી.

## દે.બારીઆના સાગટાળા પાસે રૂા.૪.૪૪ લાખ ઉપરાંતના દારૂ-બીયર સાથે બોલેરો ગાડી પકડી

દે.બારીઆ,

પ્રોહી અંગેની મળેલ બાતમીના આધારે ગત મોડી રાતે સાગટાળા પોલીસે સાગટાળા ગામે તળાવના તરફ જતા રોડ પર કરેલ નાકાબંધી દરમ્યાન રૂા.૪.૪૪ લાખ ઉપરાંતના વિદેશી દારૂ–બીયરની કુલ પેટીઓ નં.૯૩ સાથે સિલ્વર કલરની બોલેરો જીપ ઝડપી પાડી રૂપિયા ૩ લાખ કિંમતની બોલેરો જીપ સહિત રૂા.૭.૪૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લીધાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર સિલ્વર કલરની મહેન્દ્રા કંપનીની જીજે ૧૨ જે ૭૫૦૬ નંબરની બોલેરો જીપમા વિદેશી દારૂ તથા બીયરનો મોટો જથ્થો ભરી સાગટાળા તરફ આવનાર હોવાની પ્રોહી અંગેની મળેલ બાતમીના આધારે સાગટાળા પોલીસે ગત મોડી રાત્રે સાગટાળા તળાવના અવેણા તરફ જતા રોડ પર નાકાબંધી કરી હતી. તે દરમ્યાન બાતમીમાં દર્શાવેલ નંબરવાળી સિલ્વર કલરની બોલેરો જીપ સામેથી આવતી નજરે પડતા પોલીસ સાબદી બની હતી તે જોઈ બોલેરો જીપનો ચાલક બોલેરો ગાડી ત્યાં જ મુકી નાસી ગયો હતો. જે જીપ ગાડી પોલીસ બીનવારસી હાલતમાં પકડી પાડી ગાડીની તલાસી લઈ ગાડીમાંથી રૂા.૩, ૩૩, ૯૦૦ની કુલ કિંમતના ઈંગ્લીશ દારૂના પ્લાસ્ટીકના હોલ નં.૬૩૬ ભરેલ પેટીઓ નં.૫૩ તથા રૂા.૧,૧૦,૪૦૦ની કુલ કિંમતના બીયર ટીન નં.૯૬૦ ભરેલ પેટીઓ નં.૪૦ મળી રૂા.૪,૪૪,૩૦૦ની કુલ કિંમતના ઈંગ્લીશ દારૂ–બીયરની પેટીઓ નં.૯૩ પકડી પાડી સદર દારૂ–બીયરના જથ્થાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂા.૩ લાખની કિંમતની સિલ્વર કલરની બોલેરો જીપ મળી રૂા.૭,૪૪,૩૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ બોલેરો જીપ ગાડીના ફરાર ચાલક વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ માર્કેટયાર્ડ ખાતે BJPના પ્રદેશ નિરીક્ષક ઉમેદવારોના ઉત્સાહ જોઈ

દાહોદ,

સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીના અનુસંધાને ભારતીય જનતા પાર્ટી, ગુજરાત રાજ્ય દ્વારા નિમાયેલા પ્રદેશ પ્રદેશ નિરીક્ષક પ્રદિપસિંહજી જાડેજા, ગીતાબેન રાઠવા, અમિતભાઈ ઠાકર આજરોજ દાહોદ શહેરના માર્કેટ યાર્ડ, મીટીંગ હોલ ખાતે પહોંચ્યાં હતાં. આ દરમ્યાન મીડીયા કર્મીઓ સાથે પ્રદિપસિંહજી જાડેજા સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બનવા માટે જે રીતનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે દેખાડે છે કે, આ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીમાં વિજય અસરકારક થશે અને લોકોને વિકાસની પ્રક્રિયામાં જોડાઈ તાલુકા પંચાયત બનાવશે.

પ્રદિપસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, દાહોદ જિલ્લાની આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચુંટણીના ઉમેદવારોની પસંદગી માટે દાહોદના પ્રભારી અમિતભાઈ ઠાકર અને છોટાઉદેપુરના મેમ્બર ઓફ પાર્લામેન્ટ ગીતાબેન રાઠવાની ઉપસ્થિતીમાં જુદા જુદા બંડલમાંથી જિલ્લા કક્ષાએથી નીરીક્ષકો મોકલવામાં આવ્યાં હતાં. આ નિરીક્ષકોએ તાલુકા અને જિલ્લાના ઉમેદવારોના સંદર્ભમાં જે એસેસમેન્ટ આવ્યા હતાં તે રજુ કરવામાં આવ્યાં હતાં. તેના આધાર ઉપરથી શોર્ટ લીસ્ટ કરી જિલ્લા સંકલન સમિતિ મળશે અને જિલ્લા સંકલન સમિતિમાંથી એનુ હોમવર્ક કરી પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ બધી વિગતો ત્યાં લઈ અને ત્યાંથી બાકીની પસંદગી અંતિમ તબક્કામાં કરવામાં આવશે. વધુમાં પ્રદિપસિંહ જાડેજા દ્વારા જણાવ્યા અનુસાર, જે રીતે દાહોદ જિલ્લામાં તાલુકા જિલ્લા કક્ષાએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બનવા માટે જે રીતનો ઉત્સાહ આવી રહ્યો છે તે દેખાડે છે કે, ભારતીય જનતા પાર્ટીનો વિજય અસરકારક રીતે થશે અને લોકોને વિકાસની પ્રક્રિયામાં જોડાઈ અને પોતે પણ ભાજપની તાલુકા અને જિલ્લા પંચાયત બનાવશે તેવો કાર્યકર્તાઓ અને પ્રજાનો ઉત્સાહ જોવાઈ રહ્યો છે. અત્યાર સુધીમાં ૨૩૮ તાલુકા પંચાયત માટે ૭૩૫ જેટલી અરજીઓ આવેલી છે. ૫૦ જિલ્લા પંચાયતો માટે ૩૪૪ જેટલી અરજીઓ આવેલી છે અને નગર પાલિકાના ૦૯ વોર્ડ માટે ૧૬૧ જેટલી અરજીઓ આવેલી છે. આ દેખાડે છે કે, ભાજપના ઉમેદવાર બનવા માટે લોકોએ ઈચ્છા વ્યક્ત કરી છે, તેમ પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં ઉમેર્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 135

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ૧૦-૧૦ મહિનાના લાંબા ગાળાની કોરોનાની મહામારી વચ્ચે શાળાઓ બંધ રખાઈ હતી

# પંચમહાલમાં ધોરણ -૯ અને ૧૧ ના વર્ગ આજથી રાબેતા મુજબ થશે શરૂ

ગોધરા,
૧૦-૧૦ મહિનાના લાંબા ગાળાની કોરોનાની મહામારી વચ્ચે પંચમહાલ સહિત રાજ્યભરમાં શાળાઓ બંધ રખાઈ હતી. ગત માસે ધો.૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કર્યા બાદ સરકારે આજ થી ધો.૯ અને ૧૧ના વર્ગો શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. જેમાં સોશ્યલ ડિસ્ટન્સ અને ગાઈડ લાઈનને અનુસરવાની સુચના અપાઈ છે. આમ, પંચમહાલ જીલ્લામાં આજ થી ધો.૯ થી ૧૨ના વર્ગો ધમધમતા થઈને શાળાઓમાં વિદ્યાર્થીઓની ધમાચકડી સાથે ચહલપહલ સર્જાનાર છે.



ગત માર્ચ ૨૦૨૦ થી ગુજરાત સહિત વિશ્વમાં કોરોનાની મહામારી એ પગ પેસારો કર્યો હતો. ઉત્તરોતર આ કોરોનાની મહામારી ઘટવાને બદલે વધતી જતાં એક તબકકે નાના ભૂલકાંઓ સહિત યુવા વિદ્યાર્થીઓને સોશ્યલ ડિસ્ટન્સના કારણોસર શાળાઓ બંધ કરી દેવાઈ હતી. છેક ડિસેમ્બર સુધી અર્થાત દિવાળી બાદ પણ શિક્ષણ શાસ્ત્રીઓ અને વાલીઓની ચિંતા વચ્ચે શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની ફરજ પડી હતી. પંચમહાલ જીલ્લામાં આવેલી તમામ શાળાઓ બંધ રહ્યાના ૧૦-૧૦ મહિના પસાર થયા બાદ વિદ્યાર્થીઓના ભાવિ અંગે પ્રશ્નાર્થ સર્જાતા છેવટે સરકારે ડિસેમ્બરના માસમાં ધોરણ ૧૦ અને ૧૨માં વર્ગો શરૂ કરવામાં આવતાં ધીરેધીરે પંચમહાલ જીલ્લામાં જુદા જુદા સ્થળે આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓની કોરોનાના સંક્રમણના દહેશત વચ્ચે શૈક્ષણિક કાર્યરત થયું છે. ત્યારે રાજ્ય સરકારે વધુ એક નિર્ણય કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં શિક્ષણકાર્યને વેગ આપવા સોમવાર થી ધોરણ -૯ અને ૧૧ ના વર્ગનો પ્રારંભ થશે. કોવિડ - ૨૦૧૯ ની માર્ગદર્શીકાના સંપૂર્ણ પાલન સાથે ધોરણ ૯ અને ૧૧ નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં કોરોનાના કેસમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય છે. રાજ્યમાં જનજીવન રાબેતા મુજબ થઈ રહ્યું છે. હાલમાં ધોરણ -૧૦ અને ૧૨ ના વર્ગ નિયમિત શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે બીજા તબક્કામાં હવે ધોરણ -૯ અને ૧૧ ના વર્ગ પણ શરૂ કરવામાં આવશે. સોમવારથી કોવિડ-૨૦૧૯ની માર્ગદશિકાના સંપૂર્ણ પાલન સાથે ધોરણ -૯ અને ૧૧ ના વર્ગ શરૂ થશે. શિક્ષણકાર્યને રાબેતા મુજબ કરવાની દિશામાં સરકારે આ નિર્ણય કર્યો છે. જેના પગલે પંચમહાલ જીલ્લામાં આવેલી ૨૫૦ ઉપરાંત શાળાઓ તા.૧લી ફેબ્રુઆરીથી લાંબા સમય બાદ કાર્યરત થઈને સંકુલમાં ચહલપહલ સર્જાનાર છે. જો કે ધોરણ -૯ અને ૧૧ માટે પણ વિદ્યાર્થીઓ ઉપરાંત વાલી, સંચાલકો અને શૈક્ષણિક સ્ટાફ સહિતનાતમામ લોકોએ ગાઈડલાઈનના પાલન સાથે શિક્ષણકાર્યને ગતિ આપવાની રહેશે. શૈક્ષણિક કાર્ય શરૂ કરવાના સરકારના નિર્ણયને મહદઅંશે આવકાર સાંપડયો છે . શૈક્ષણિક કાર્યને વેગ આપવાની દિશામાં હવે ધોરણ - ૯ થી ૧૨ ના વર્ગ રાબેતા મુજબ થશે. અત્રે નોંધનીય છે કે, આગામી સમયમાં ધો.૬ થી ૮ના વર્ગો પણ શરૂ કરવાની હિલચાલ આદરવામાં આવી છે. પરંતુ કેબીનેટ બેઠક જ આ બાબતે યોગ્ય નિર્ણય લેનાર છે.

- હવે પછી ધોરણ-૧ થી ૮ અંગે સરકાર કરશે નિર્ણય.
- સોમવાર થી ધો.૯ થી ૧૨ના સળંગ વર્ગો શૈક્ષણિક કાર્યથી ધમધમતા થશે.
- જીલ્લામાં ૨૫૦ ઉપરાતં શાળાઓમાં વિદ્યાર્થીઓની ચહલપહલ સર્જાશે.
- શાળાના સંચાલકો, સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરવાનું રહેશે.

### કયા નિયમો પાલન કરવાના રહેશે

નિયમનું પાલન કરવાનું રહેશે. સૂચનામાં જણાવાયું છે કે,વિદ્યાર્થીઓ ઉપરાંત સંચાલક, આચાર્ય અને સ્ટાફ માટે માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. શૈક્ષણિક સંકુલને વખતોવખત સંપૂર્ણ સેનીટાઈઝેશન કરવાનું રહેશે. શાળામાં સામાજિક દુરી જાળવવાના નિયમનું ચુસ્ત પાલન કરવું, વિદ્યાર્થી શાળાએ હાજરી આપતાં અગાઉ માતા-પિતાનું સંમતિપત્રક ફરજીયાત માંગવામાં આવ્યું છે.

### પરીક્ષા અને ત્યારપછી નવું શૈક્ષાણિક સત્ર રાબેતા મુજબ ધમધમતું કરી શકાશે

ટૂંક સમયમાં હવે ધોરણ -૧ થી ૮ ના વર્ગ લાંબા સમયથી બંધ છે. તેને પુનઃ શરૂ કરવાની દિશામાં પણ સરકાર નિર્ણય કરશે. આ ઉપરાંત કોલેજના ફાઈનલ સિવાયના વર્ષમાં પણ કોવિડ ૨૦૧૯ ના સંપૂર્ણ પાલન સાથે શૈક્ષણિક કાર્ય શરૂ કરી ટૂંક જ સમયમાં શૈક્ષણિકકાર્યને સંપૂર્ણ ધમધમતું કરવા સરકારે કવાયત હાથ ધરી છે. જેથી આગામી સમયમાં પરીક્ષા અને ત્યારપછી નવું શૈક્ષાણિક સત્ર રાબેતા મુજબ ધમધમતું કરી શકાશે.

## પંચમહાલ જિલ્લામાં કોવિડ રસીકરણના બીજા તબક્કાનો જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ રસી લઈ રસીકરણનો પ્રારંભ કરાવ્યો

ગોધરા,
સમગ્ર દેશમાં પ્રથમ તબક્કામાં કોવિડ રસીકરણનો રાષ્ટ્ર વ્યાપી શુભારંભ થયા બાદ આજે બીજા તબક્કામાં પંચમહાલ કલેક્ટર, રેન્જ આઈજી તથા પોલિસ અધિક્ષક સહિતના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કોરોના રસીનો પ્રથમ ડોઝ લઈને રસીકરણ અભિયાનમાં સહભાગી બન્યા હતા. કોરોનાની વૈશ્વિક મહામારીમાં છેલ્લા દશ મહિનાથી રાત-દિવસ લોકોની સેવામાં ખડેપગે રહેનાર ફ્ન્ટલાઇન કોરોના વોરીયર્સ એવા ડૉક્ટર, સ્ટાફ નર્સ અને સફાઈકર્મીઓ બાદ આજે મહેસૂલ અને પોલીસ જવાનોને તંત્રની ગાઇડલાઇન પ્રમાણે કોરોનાની રસી આપવાની શરૂઆત કરવામાં આવી હતી. બીજા તબક્કામાં પંચમહાલ જિલ્લામાં ૩૨૦૦ જેટલા પોલીસ, મહેસૂલ અને નગરપાલિકાના ફ્ન્ટલાઈન વોરિયર્સને કોરોના વેક્સિનેશન અંતર્ગત આવરી લેવાશે. આ માટે જિલ્લામાં અલગ-અલગ ૩૨ જેટલા વેક્સિનેશન કેન્દ્ર પર આ કામગીરી કરવામાં આવી રહી છે. પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં આવેલ સરકારી નર્સિંગ કોલેજ ખાતેથી કોરોના વેક્સિનેશનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ગોધરા રેન્જ આઈજી એમ એસ ભરાડા દ્વારા વેક્સિનેશનના ભાગરૂપે આજે વેક્સિન લેવામાં આવી હતી, તેઓએ વેકિસન લીધા બાદ આ વેક્સિન સુરક્ષિત હોવાનુ જણાવતા સૌ પ્રજાજનોને ડર્યા વગર વેક્સિનેશન પ્રક્રિયામાં ભાગ લેવા માટે અપીલ કરી હતી. નનકોરોના વોરીયર્સ એવા ડૉક્ટર, નર્સ, મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફ બાદ આજે બીજા તબક્કામાં મહેસૂલના કર્મચારીઓ અને રાત-દિવસ પ્રજાની સેવામાં ખડેપગે ફરજ બજાવતાં પોલીસ જવાનોને કોવિડ-૧૯ ની વેક્શિન આપવામાં આવી રહી છે ત્યારે મેં પણ કોરોનાની રસી લીધી છે તેમ તેમણે જણાવ્યું હતું. કોરોના પ્રતિરોધક વેક્સિન લીધા બાદ જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે છેલ્લા નવ દિવસથી ચાલી રહેલા વેક્સિનેશન પ્રોગ્રામ અંતર્ગત જિલ્લામાં ૩૦૦૦થી વધુ સરકારી અને ખાનગી ક્ષેત્રના હેલ્થ કેર પ્રોવાઈડર્સને રસી આપવામાં આવી છે. જેમાં કોઈ આડઅસર જણાઈ નથી. તેમણે તમામ નાગરિકોને કોઈ અફવા પર ધ્યાન આપ્યા વગર સરકાર દ્વારા જાહેર થાય તે પ્રમાણે નિર્ભય રહીને કોઈ શંકા વગર કોરોનાની રસી મુકાવવા અને પોતાને સંક્રમણ સામે સુરક્ષિત કરવા અપીલ કરી હતી. કોવિડ વેકિસનેશનના બીજા તબક્કામાં પોલીસ વિભાગ, મહેસુલ વિભાગ, પંચાયત વિભાગ અને નગરપાલિકામાં ફરજ બજાવતાં ફ્ન્ટ લાઈન વોરિયર્સને રસીનો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. આઆવતીકાલે ૨૧ સેશન્સ સાઈટ પરથી ૨૧૦૦ જેટલા આ પ્રકારના કર્મચારીઓને રસીકરણ અંતર્ગત આવરી લેવાશે. ગોધરા નર્સિંગ કોલેજ ખાતે યોજાયેલ આ રસીકરણ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી વિશાલ સક્સેના સહિતના વરિષ્ઠ અધિકારીઓએ પણ રસી મૂકાવી હતી.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## શહેરામાં કોરોના રસીના બીજા તબક્કામાં પ્રાંત-મામલતદાર અને પોલીસ સ્ટાફને રસી મૂકાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા મા કોરોના રસીકરણના બીજા તબક્કાનો પારંભ થયો હતો.રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાંત, મામલતદાર અને પાલિકા કચેરીનો સ્ટાફ ,સહિત પોલીસ સ્ટાફ કોરોના વેક્સિન મુકાઈ હતી. આરોગ્ય અધિકારી ડો. ભરત ગઢવી એ રસીકરણ બુથની મુલાકાત લીધી હતી.

શહેરામાં કોરોના કહેર વચ્ચે પોલીસ, નગર પાલિકા અને પ્રાંત અને મામલતદાર કચેરીનો સ્ટાફ સાથે આરોગ્ય વિભાગ એ પોતાની ફરજ નિભાવી હતી. રેફરલ હોસ્પિટલ ખાતે કોરોના રસીકરણના બીજા તબક્કાનો પારંભ થયો હતો.આરોગ્ય અધિકારી ડો.ભરત ગઢવીની ઉપસ્થિતિ મા આરોગ્ય સ્ટાફ એ જનતા સાથે વધુ સંપર્ક ધરાવતા પ્રાંત અધિકારી જય બારોટ ,મામલતદાર મેહુલ ભરવાડ , નગર પાલિકા ના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ સહિત પોલીસ સ્ટાફ તેમજ ફ્ન્ટલાઈન વર્કરને કોરોના વેક્સિન મૂકવામાં આવી હતી. પ્રાંત અધિકારી ,મામલતદાર સહિત રસી લીધેલ ૩૦ મિનિટ સુધી આરોગ્ય સ્ટાફ ની નજર સામે રહયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ બુથ પર કોરોના ગાઇડલાઈન નુ ચુસ્ત પણે પાલન કરવામા આવ્યુ હતું. દિવસ દરમિયાન ૧૦૦થી વધુ ને કોરોના વેક્સિન આપવામાં આવી હતી.

## કાલોલ શકિતપુરા નર્મદાના કેનાલમાંથી હાલોલના કોપરેજની યુવતિનો મૃતદેહ મળ્યો : યુવતિનું શારીરિક શોષણ કરતાં આપઘાત કર્યો

હાલોલ,
હાલોલ તાલુકાના કોપરેજ ગામે રહેતા સુરેન્દ્રસિંહ શામળાસિંહ પરમારના છ સંતાનો પૈકી બીજા નંબરની વીસ વર્ષિય કોલેજીયન પુત્રી હેતલ હાલોલની એમ એન્ડ વી આર્ટસ-કોમર્સ કોલેજમાં છેલ્લા વર્ષમાં હતી. પુના સ્થિત ગુરૂકુળ સોફટવેરમાં સોફટવેર અંગેનો અભ્યાસ કરતી હતી.

ગત તા.૨૫ના રોજથી ઘરેથી કોલેજ જવા નીકળી ત્યારબાદ તેનો ફોન સ્વિચ ઓફ આવતા તેની શોધખોળ શરૂ કરાઈ હતી. રામેશરા નર્મદા કેનાલના સિકયુરિટીને યુવતી ગુમ થયા અંગે જાણ કરાઈ હતી. હાલોલ પોલીસ સ્ટેશને ગુમ થયાની જાણ કરવા જતાં તેના વાલીને કાલોલ શકિતપુરા નર્મદા કેનાલ પાસે ગેટ નં-૧૦૫ નજીક એક યુવતિની લાશ ઓળખી કાઢી હતી. લાશ મોઢાના ભાગે ક્ષતવિક્ષત થઈ હતી.

કાલોલ પોલીસને જાણ કરાતા પોલીસે પેનલ પોસ્ટમોર્ટમ માટે રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી. જેમાં પાણી પી જવાથી શ્વાસ રૂંધાઈ જવાથી મોત થયાનુ કારણ બહાર આવતા તેની અંતિમવિધિ કરી ઘરે આવ્યા હતા. તેઓના ભત્રીજા યુવરાજસિંહે ત્યારે તેમને જણાવેલ હતુ કે, વોટ્સએપ ગ્રુપમાં હેતલ સ્યુસાઈડ નોટ મુકી હતી. જે સ્યુસાઈડ નોટ તેની બહેને ફોરવર્ડ કરી છે. આ સ્યુસાઈડ નોટમાં અંગ્રેજીમાં મરનાર યુવતિએ પોતે સ્યુસાઈડ કરવા જઈ રહી હોવાનુ તથા સ્યુસાઈડનુ કારણે ગામના એક યુવાન રાહુલકુમાર નગીનભાઈ સોલંકી સાથેની રિલેશનશિપ હોવાનુ જણાવેલ હતુ. આ ઉપરાંત રાહુલે તેને ફસાવી હોવાની સાથે શારિરીક સંબંધો પણ બાંધતો હતો. જેને તે લવ સમજી બેઠી હતી. તેણે યુવતિનુ ભાવી અને કરિયર મારા પપ્પાના સપના-વિશ્વાસ બધુ જ ખત્મ કરી નાંખ્યુ હતુ. એટલે જ મેં તેના અને મારા ફોટાઓ અપલોડ કરી અન્ય યુવતિ સાથે લગ્ન કરવા એક જ સેકન્ડમાં છોડી દીધી અને તારે જે કરવુ હોય તે તુ કરી શકે છે એમ જણાવી દીધુ હતુ. આ યુવતિએ પોતાની સ્યુસાઈડ નોટમાં તેના વિશે ખોટી વાતો ફેલાવવાનો પણ પ્રેમી યુવક પર આક્ષેપ કર્યો છે. મૃતક પોતે ગામમાં અને પોતાના કુટુંબમાં મોં બતાવવા લાયક નથી રહી હોવાથી ઉપરાંત તેના પ્રેમીએ અન્ય યુવતિ સાથે સંબંધો બાંધી વોટ્સએપ નંબર પણ બ્લોક કરી દીધો હોવાની હકીકત જણાવી પોતાના હાથે લખેલી નોટ લખી પુના સ્થિત વોટ્સએપ ગ્રુપમાં મુકી હતી. છોકરીના વાલીઓ સમગ્ર વિગતો ફરિયાદ નોંધાવતા આશાસ્પદ તરૂણીને લગ્ન કરવાના સપનાઓ દેખાડી અવાર નવાર મળી શારીરિક સંબંધો બાંધી અન્ય યુવતિ મળતા યુવતિને તરછોડી થઈ તેનો નંબર બ્લોક કરી દેતા લાગી આવતા છોકરીને મરવા માટે મજબુર કરી દેવાની દુષ્પ્રેરણા બદલનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી.પોલીસે પ્રેમી યુવકની ધરપકડ કરી કોરોના ટેસ્ટ માટે મોકલી આપવાની તજવીજ શરૂ કરી છે.

## પંચમહાલ જિલ્લામાં પોલિયો અભિયાનની શરૂઆત

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં ૩૧ જાન્યુઆરીના રોજ ગોધરા શહેરના રેડ ક્રોસ સોસાયટી બુથ ખાતેથી પોલિયો રસીકરણ અભિયાન-૨૦૨૧ નો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. કલેક્ટર અમિત અરોરાએ અભિયાનની શરૂઆત કરાવી હતી તેમજ જિલ્લાવાસીઓ માટે પ્રેરણારૂપ એક ઘટનામાં પોતાની બાળકીને પણ બૂથ પર પોલિયો રસીના ટીપા પીવડાવ્યા હતા. જિલ્લાના પોલીસ વડા ડો. લીના પાટીલે પણ પોતાના દીકરાને પોલિયો રસી અપાવી હતી. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ આ અંગે જણાવ્યું હતું કે આજે પોલિયો રવિવાર નિમિત્તે કુલ ૧૧૨૦ પોલિયો રસીકરણ બુથ પર ઓરલ રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જિલ્લાનું ૦ વર્ષથી લઈને ૫ વર્ષ સુધીનું કોઈ પણ બાળક પોલિયોના રસીથી વંચિત ન રહી જાય તે માટે તંત્ર દ્વારા કોરોના ગાઈડલાઈનને ધ્યાને લઈ સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. કલેકટરએ જિલ્લાના તમામ પ્રજાજનોને પોતાના તેમજ આસપાસના કે અન્ય તમામ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવા માટે અપીલ કરી હતી.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ભારત દેશ પોલિયો મુક્ત દેશ બન્યો છે, પરંતુ હજુ પણ કેટલાક દેશોમાંથી પોલિયો નાબૂદ થયો ન હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. જેથી ભારત દેશમાંથી પોલિયો નાબૂદ કરવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવવામાં આવે છે. જેમાં સમગ્ર દેશમાં એક જ તારીખે ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયો રસી પીવડાવી તેમને પોલિયોથી સુરક્ષિત કરવામાં આવે છે. અભિયાન હેઠળ ચાલુ વર્ષે સમગ્ર દેશ તથા ગુજરાત રાજયમાં પોલિયો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જિલ્લામાં પલ્સ પોલિયો રસીકરણ માટે ૨,૫૮,૭૯૮ બાળકો નોંધાયેલ છે. જે તમામને રસી આપી શકાય તે માટે જીલ્લામાં કુલ ૧૦૩૯ બુથ, બસ સ્ટેન્ડ અને બજાર જેવા વિસ્તારોમાં ૫૦ ટ્રાન્જીસ્ટ પોઈન્ટ, ૯૨ ઈંટોના ભઠ્ઠા અને ૨૮ જગ્યાઓએ મોબાઈલ ટીમ સાથે મળીને કુલ ૧૧૨૦ પોલિયો બુથનું આયોજન કરવામાં આવ્યું છે.

પંચમહાલ જીલ્લાના ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને પોલિયો રસીકરણમાં આવરી લેવાય અને એકપણ બાળક પોલિયો રસી પીવડાવવાથી વંચીત ન રહે તે હેતુથી જીલ્લાના કુલ ૨૯૧૮ આરોગ્ય કાર્યકરો, ૧૨૩૮ આંગણવાડી વર્કર નક્કી કરેલ બુથ પર હાજર રહી પોલિયોના ટીપાં પીવડાવવાની કામગીરી કરશે. આ કામગીરીના સુપરવિઝન માટે ૨૧૬ સુપરવાઈઝરો નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જીલ્લા કક્ષાએથી આ કામગીરીનું તાલુકા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બુથ લેવલે સઘન મોનીટરીંગ પણ કરવામાં આવશે. આ પ્રસંગે પ્રાંત અધિકારી વિશાલ સક્સેના, મુખ્ય આરોગ્ય અધિકારી ચૌહાણ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ શહેરમાં દીવાની તેમજ ફોજદારી કોર્ટના નવીન બિલ્ડીગનું ભૂમી પૂજન ડીસ્ટ્રીકટ અને પ્રિન્સીપલ સેશન્સ જજ એ.આર.શાહના હસ્તે કરવામાં આવ્યું. કાલોલ નવીન કોર્ટ બિલ્ડીંગ અંદાજીત ૫.૨૫ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાવાળી બનાવવામાં આવશે.

## ગોધરાના સાંપા કુંડલા ગામે મજુરીના પૈસા બાબતે ઝગડામાં લાકડી મારી ઈજા કરી

ગોધરા,
ગોધરા તાલુકાના સાંપા કુંડલા ગામે રહેતા ઈસમે મારી મજુરીના પૈસા કેમ આપતો નથી. તેમ કહી માથામાં લાકડી મારી ઈજાઓ કરતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના સાંપા કુંડલા ગામે રહેતા રમણભાઈ ખાતુભાઈ પટેલને ગામમાં રહેતા દિનેશ આરતભાઈ પટેલ એ તું મારી મજુરીના પૈસા કેમ આપતો નથી. તેમ કહી ગાળો આપીને હાથમાં રાખેલ લાકડી માથામાં મારી ઈજાઓ પહોંચાડત આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના રતનપુર (કાં)નો ૩૦ વર્ષીય યુવાન કયાંક ચાલ્યો જઈ ગુમ થતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના રતનપુર કાંટડીના આંટા ફળીયામાં રહેતો ૩૦ વર્ષીય યુવાન કોઈને કહ્યા વગર કયાંક ચાલ્યો ગયો હોવાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના રતનપુરા કાંટડી ગામે આંટા ફળીયામાં રહેતા કિરીટભાઈ લક્ષ્મણભાઈ પરમાર ઉ.વ.૩૦ ૨૪ જાન્યુઆરીના રોજ ઘરમાં કહ્યા વગર કયાંક ચાલ્યા જઈને ગુમ થયેલ છે. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરામાં પોલીયો રસીકરણ અંતર્ગત ૩૪,૨૩૨ જેટલા બાળકોને પોલીયો ટીપા પીવડાવ્યા




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગર અને તાલુકા ના વિસ્તારમાં ૦ થી ૫ વર્ષ સુધીના ૪૦,૭૧૫ બાળકોને પોલિયો રસીકરણમાં આવરી લઈને એકપણ બાળક પોલિયો રસી પીવડાવવાથી વંચીત ન રહે તે હેતુથી તાલુકા આરોગ્ય અધિકારી ડો.ભરત ગઢવી ના માર્ગદર્શન હેઠળ ૩૦૦ થી વધુ આરોગ્ય કાર્યકરો અને આંગણવાડી વર્કર નક્કી કરેલ ૧૬૦ બુથ પર હાજર રહીને ૩૪,૨૩૨ જેટલા બાળકો ને પોલિયોના ટીપાં પીવડાવામાં આવ્યા હતા.

શહેરામાં પોલિયો રસીકરણ માટે ૪૦,૭૧૫ બાળકો નોંધાયેલ છે.તાલુકા આરોગ્ય વિભાગના આરોગ્ય અધિકારી ડો. ભરત ગઢવી દ્વારા એક પણ બાળક પોલિયોના ટીપા પીવડાવ્યા વગર રહી ન જાય તે માટે ૧૬૦ જેટલા પોલિયો બુથ નગર અને તાલુકાના વિસ્તારમાં ઠેર ઠેર ઉભા કરવામાં આવ્યા હતા. નગરના મુખ્ય બસ સ્ટેશન, અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલ પોસ્ટ ઓફિસ તેમજ ગ્રામીણ વિસ્તારમાં શાળા, આંગણવાડી સેન્ટર અને જાહેર જગ્યા ખાતે ના પોલિયો બુથ પર આરોગ્ય કાર્યકરો અને આંગણવાડી બહેનો સહિતનો સ્ટાફ ફરજ પર રહીને ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયો રસી પીવડાવી હતી. જ્યારે આરોગ્ય અધિકારી ભરત ગઢવી એ પોલિયો બુથ ની મુલાકાત લઈને બાળકો ને રસી પીવડાવી હતી.કોઈ બાળક પોલિયોની રસી મા રહી નહી જાય તે માટે પોલીયો બુથ પર ના હાજર સ્ટાફને સૂચના આપી હતી. નગર અને તાલુકામાં આવેલા ૧૬૦જેટલા પોલિયો બુથ ખાતે ૦થી ૫વર્ષના ૩૪,૨૩૨ જેટલા બાળકોને પોલીયો ની રસી પીવડાવી હતી. કોરોના મહામારીને ધ્યાને રાખીને પોલિયોની રસી માટેના બુથ પર વધુ ભીડ એકઠી ના થાય તેનું ધ્યાન આરોગ્ય વિભાગ ના સ્ટાફે રાખીને માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કર્યુ હતુ.